# કમીશનિંગ એડિટર

કમીશનિંગ એડિટર, કયા પુસ્તકો પ્રકાશિત કરવા તે અંગે પુસ્તક પ્રકાશન ગૃહને સલાહ આપે છે. કમિશનિંગ એડિટર, કરાર હેઠળ લેખકો માટે વ્યવસ્થાપક તરીકેની ભૂમિકા પણ નીભાવે છે. તેઓ પ્રકાશન ગૃહને સ્ક્રિપ્ટ/લખાણની મૂળપ્રત સમયસર પ્રાપ્ત થાય તે સુનિશ્ચિત કરે છે અને પુસ્તક પ્રકાશનમાં સમયમર્યાદાનું ચુસ્તપણે પાલન થાય છે તેની પણ ખાતરી કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે ભાષાઓમાં નિપુણ છો તેમજ મૌખિક અને લેખિત વાતચીત કરવાનું કૌશલ્ય ધરાવો છો
- તમે વિગતો ઉપર વિશેષ ધ્યાન આપો છો
- તમે વિશ્લેષણ કરવાની કુશળતા ધરાવો છો
- તમે દબાણ હેઠળ સારી રીતે કામ કરી શકો છો અને સમયમર્યાદાનું પાલન કરવામાં સક્ષમ છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨૫,૦૦૦ થી ૫,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. માસ કોમ્યુનિકેશન/પબ્લિશિંગ/ડિજિટલ પબ્લિશિંગમાં સ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

માસ કોમ્યુનિકેશન/પબ્લિશિંગ/ડિજિટલ પબ્લિશિંગમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, માસ કોમ્યુનિકેશન/મીડિયા સાયન્સમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

માસ કોમ્યુનિકેશન/ડિજિટલ મીડિયામાં ડિપ્લોમા કરો.

અમુક ચોક્કસ સંસ્થાઓમાં પ્રવેશ માટે તમારે તે સંસ્થાઓની પ્રવેશ પરીક્ષાઓ (જો લાગુ હોય તો)માં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કમીશનિંગ એડિટરનું અંદાજીત માસિક વેતન
રૂ. ૨૫,૦૦૦ થી ૮૪,૦૦૦* જેટલું હોય છે.

સ્ત્રોત : https://www.payscale.com/research/IN/Job=Commissioning_Editor/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** અખબાર ગૃહો, સમાચાર એજન્સીઓ, સામયિકો, વેબસાઈટ્સ, પ્રકાશન ગૃહો, જાહેરાત કંપનીઓ, રેડિયો અને ટીવી સ્ટેશનો, વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ :** કામગીરીમાં મુખ્યત્વે લેખકો, પરિષદો અને/અથવા પુસ્તક મેળાઓની મુલાકાતો સહિત મોટેભાગે ઓફિસમાં બેસીને કરવાની કામગીરીનો સમાવેશ થાય છે. કામની પદ્ધતિઓ ઈન્ટરનેટ અને વેબ-આધારિત તકનીકો પર વધુને વધુ નિર્ભર છે તેમજ કામના કલાકોમાં સામાન્ય કરતા વધારે કલાકો કામ કરવાનું પણ બની શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સંપાદકીય સહાયક → સહાયક સંપાદક → કમીશનિંગ એડિટર → વરિષ્ઠ કમીશનિંગ એડિટર → સંપાદકીય નિયામક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કમીશનિંગ એડિટર, સિનિયર કમીશનિંગ એડિટર, આસિસ્ટન્ટ એડિટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ માસ કોમ્યુનિકેશન/માસ મીડિયા વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. દિલ્હી કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, નવી દિલ્હી
૨. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન, નવી દિલ્હી
૩. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા
૪. એચ.એન.જી.યુ., પાટણ
૫. વી.એન.એસ.જી.યુ., સુરત
૬. યુ.એન.આઈ. પુણે - સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી, પુણે
૭. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ
૮. આઈ.આઈ.એમ., અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. માઈકા (એમ.આઈ.સી.એ.), અમદાવાદ
૨. ભવન્સ કૉલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, જામનગર
૩. ગાર્ડન સિટી યુનિવર્સિટી, બેંગલુરુ
૪. ઝેવિયર ઈન્સ્ટિટ્યુટ ઓફ કોમ્યુનિકેશન્સ
૫ ગ્રાફિક એરા હિલ યુનિવર્સિટી, દેહરાદૂન
૬. એસ.એસ.સી.સી.એમ., ભાવનગર
૭. લોયોલા કોલેજ, ચેન્નાઈ
૮. પારૂલ યુનિવર્સિટી, વડોદરા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

### ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

### ઓનલાઈન અભ્યાસક્રમો

- NPTEL* સ્વયમ: https://onlinecourses.nptel.ac.in ›noc20_ar15 › preview, https://onlinecourses.swayam2.ac.in › preview
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

